- ★ રશ્મિબેન દવે ૮૧૪૦૧૬૫૩૩૦
- ★ પ્રતિમાબેન ઉપાધ્યાય ૮૩૨૦૭૭૭૨૫૦

**કન્વીનર અને ટીમ**

- ★ દિગંતભાઈ જોશી ૯૯૯૮૫૦૯૫૭૫
- ★ ડૉ. પ્રશાંતભાઈ જોષી ૯૮૨૫૫૫૨૯૨૭
- ★ ઉત્સવભાઈ દવે ૯૭૨૫૫૪૧૭૨૪
- ★ ધ્રુવભાઈ શુક્લ ૯૪૨૯૩૫૫૬૫૩

**પ્રમુખશ્રી અને મંત્રીશ્રી**

- ★ શ્રીગૌડ પ્રગતિ મંડળ, અમદાવાદ
- ★ શ્રીગૌડ સાડત્રીસ સમાજ
- ★ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

--------------------------------

## પાસ ના પૈસા ટ્રાન્સફર કરવા માટે બેંકની માહિતી

Name : Shreegaud Pragati Mandal
Bank : State Bank of India (SBI)
Branch : Narayannagar
Account No : 00000039021796882
IFSC : SBIN003804

પાસના પૈસા ટ્રાન્સફર કર્યા પછી સ્ક્રીનશોટ રિદ્ધેશભાઈ પંડ્યા ને આ નંબર ૯૦૯૯૯૩૯૨૫૯ ઉપર મોકલવો.

# સાહિત્ય નજરાણું

## માડીની સ્તુતિ

ધન અને ભોગવિલાસની લાલસામાં રાચતો હું,
પણ મને હંમેશ સમૃધ્ધ રાખતી મા લક્ષ્મી તું.

તારી દરેક વાતોને કદી ધ્યાને ન ધરતો હું,
મારી અણકહી વાતને સમજતી મા સરસ્વતી તું.

તને અંધારામાં રાખી વારંવાર હાથ મેલા કરતો હું,
ને તુજ પાલવથી એ સાફ કરી જીવન અજવાળતી મા જગદંબા તું.

તને તુચ્છકારી તારો અનાદર કરતો જીવનભર હું,
એને પણ મારુ બાળપણ ગણી સ્નેહનો વરસાદ વરસાવતી મા ગૌરા તું.

તારા પ્રેમ, વાત્સલ્ય ને બધી લાગણીઓનો ભક્ષક હું,
અને આખાય જગથી મારી રક્ષા કરતી મા દુર્ગા તું.

ના સાચી રીતિ જાણું, ના તારા જેવી પ્રીતિ જાણું હું,
પણ મારુ સર્વસ્વ આપી તને વિનવું કે હંમેશા મારી ''સાથ'' રહે માવડી તું.

શબ્દો ઓછા પડે લખું જ્યારે તારા વિશે હું,
હે મા! મારુ તો સમસ્ત વિશ્વ છે તું.



**શિવાંશી જીતીન દવે ''સાથ''**
**(લુણાવાડા)**

## દિવાળી

નવા દિવસની નવી સવાર લઈને ફરી દિવાળી આવી રે..
બનાવજે પરોઢ જેવું તું મન, આ ફરી દિવાળી..
ઘર-આંગણની સફાઈ થઈને,આ ફરી દિવાળી...
સ્વચ્છતા સંગે કર શુધ્ધ તું મન,આ ફરી દિવાળી..
રંગબેરંગી રંગોળી થઈને, આ ફરી દિવાળી ..
સેવ સુંવાળી ને ઘૂઘરા થઈને,આ ફરી દિવાળી ..
ફટાકડાં તણો કલશોર થઈને, આ ફરી દિવાળી ..
ઘૂઘવજે દરિયા જેવું તું મન, આ ફરી દિવાળી..
દીપમાળાનો અજવાસ બનીને, આ ફરી દિવાળી..
પ્રગટાવજે સ્નેહ થકી તું મન, આ ફરી દિવાળી..
અમાસને અજવાળી કરવા, આ ફરી દિવાળી..
અજવાળજે સંબંધોને તું મન, આ ફરી દિવાળી..
જૂના રિવાજોને નવાં કરવા, આ ફરી દિવાળી..
મહેકાવજે 'સુવાસ' તારું તું મન, આ ફરી દિવાળી..



**ક્રિષ્ના શુક્લ 'સુવાસ'**
**(આણંદ)**

## અર્વાચીન દિવાળી



દશેરા પુરો થયો ને રાહ જોવાઈ આ દિવાળી ની...
આવી તો ખરી પણ ઉતાવળે દોડી ગઈ આ દિવાળી ...
રજાઓ ખર્ચાઈ ગઈ અને સમય પસારતી ગઈ..
હું કયાંય ગયો નહીં અને કોઈ ઘરે આવ્યું નહીં...
થોડાજ કલાકો ની તો હતી આ દિવાળી....
જે સોશિયલ મિડિયામાં તો ઉજવાઈ ગઈ .......

**જીજ્ઞેશ બી.પંડિત**

## ગયા હાથ છોડી



રમ્યા ઢીંગલા ને રમ્યા સાતતાળી, ગયા સ્કૂલ ભેળા ભણ્યા હાથ ઝાલી,
ફર્યા સાત ફેરા તપ્યા હામ રાખી, ચલાશે હવે શેં ? ગયા હાથ છોડી.

મળે મુખ સૌને વહેંચી દઉં છું, અને દુઃખ સંગે હસીને રમું છું,
તટે હું કદી ના, ડરીને રહું છું, સદા પુર સામે પડી ને તરું છું.

હવે ચાંદની રાતમાં શું ફરક છે, તપે કે ઠરે દાહ માં શું ફરક છે ?
ભલે એક ચાંદો ગગનમાં રમે છે, ગગનગર્ભમાં - આજ માં શું ફરક છે ?

વહે સુર જે વાંસળીના મધુરા, વગાડે ભલા કહાન હોઠે અડાડી,
પછી કેમ વાળી નહિ દ્વારકામાં, હશે હૂંફ એ રાધા અધરની.

**ધ્રુવ જોશી**

## ઓ માત ભવાની...



એક તારો સહારો લઈ તરી જાવું રે... ઓ માત ભવાની...
ડગમગ ડોલતી ભવસાગર માં નાવડી મારી રે... ઓ માત ભવાની...
હાથ પકડી તારો પાર કરી તારી પાસે આવું રે... ઓ માત ભવાની...
તું જો સાથ ન આપે તો ક્યાં જાઉં રે... ઓ માત ભવાની...
ક્ષણે ક્ષણે ક્ષણમાં બદલાય સમય ની જાત રે... ઓ માત ભવાની...
તું તારણહાર બની દોડી આવજે રે... ઓ માત ભવાની...
ન યાદ આવે તારા વિના મને કોઈ બીજું રે ઓ માત ભવાની...
મન મંદિર માં તારી મુરત વસી ગઈ રે... ઓ માત ભવાની...
તારા શરણે વિતાવું આ જીવન ર

**યામિની ત્રિવેદી**

# નૂતન વર્ષાભિનંદન



વિજય પુરોહિત

દિવાળીના દીપ ઠર્યાં ને પૂર્વે રતિ પ્રકાશ્યો,
અંધારાં વિદાર્યાં એણે જ્ઞાનદીપ પ્રગટાવ્યો.
જાગૃતિ આવી જ્ઞાતિમાં નવાધરીને સાજ,
ઉદારતાથી આપો ફાળો જ્ઞાતિ હિતને કાજ.
'જાગૃત્તિ'ના પાને પાને રસિક કૃતિઓ મળશે,
જ્ઞાન અને ગમ્મતની સાથે મન પ્રફુલ્લિત બનશે.
સુખ, શાંતિ અને સ્વાસ્થ્ય સાથે દીર્ઘાયું વાંચ્છું છું,
નૂતન વર્ષાભિનંદન સહુ વ્હાલાં ને આપુ છું.

# ગમે છે



જયેશ પંડ્યા
અમદાવાદ

બાળક જેવું ભોળપણ ગમે છે મને તમારું,
મારી સાથેનું સગપણ ગમે છે મને તમારું.

સંકેત છે પ્રેમનો સ્વીકારવાનો જાણું છું હું,
આંખોથી આપ નિમંત્રણ ગમે છે મને તમારું.

પાંપણો ઝુકે અને હજારો શબ્દો ઉડે પછી,
શબ્દોનું અનેરુ ગળપણ ગમે છે મને તમારું.

છુપાવેય ને જાહેર પણ કરે મારું નામ તમે,
મોંઢેથી મારું એ વિવરણ ગમે છે મને તમારું.

બેઠા હોય ખાટલો નાંખી હું ને તમે,
ખુશીઓ ભર્યું એ આંગણ ગમે છે મને તમારું.

## છોડવા પડે

ચક્રવ્યુહો ને તોડવા પડે,
પૂર્વ ગ્રહો ને છોડવા પડે.
સાતકોઠા ને ભેદવા જતાં,
સૌ સબંધો ને રોળવા પડે.
મન મહીં ચાલે યુદ્ધ કેટલાં,
ભ્રમ ખોટા સૌ ભાંગવા પડે.
હું જ મારો દુશ્મન બન્યો હતો,
તીર દર્પણ થી તાકવા પડે.
વ્યર્થ છે સૌ વાતો અહમ ભરી,
ધડ હવે ખુદ ના છેદવા પડે.
કેટલો તે તિરસ્કાર છે ભર્યો,
પાળિયા ખુદ ના ખોડવા પડે.
ના ગમે સામે આયના હવે,
નાગ અંદર ના નાથવા પડે.



રાજેન્દ્ર પાઠક,
૯૮૨૪૨ ૭૯૧૮૧

## સરહદ( સોનેટ)

હમણાં સમાચાર છે; ભારત ચીન સરહદે;
પુનઃ શાંતિના એંધાણ વરતાયા; અવતર્યા છે;
પાછલા જખમ દરેક ભારતીય ને પીડે છે;
સંદેશ આપે છે; એક બની નેક બની રહો સૌ;
૬૨ ની હાર પ્રેરે છે દેશને મજબૂત થવા;
શાસ્ત્ર સાથે શસ્ત્રનો પણ મહિમા હોય છે સદા;
અહિંસા પરમો ધર્મના મંત્ર સાથે શક્તિને;
ઉપાસવી પડે છે; માત્ર ગરબા રમે ના ચાલે;
રાગમુક્ત રોગમુક્ત ભયમુક્ત બની;
ઉઘાડ તારું મુખ મારે દાંત ગણવા છે કહી;
ભરતના વંશી થૈ; ભારતને બળવાન કરી;
સમગ્ર વિશ્વમાં તિરંગો માનથી ફરકાવી;
કૃષ્ણ કર્મ સાકાર કરી; સરહદો માપવી છે;
આત્મનિર્ભર થવા આત્મ સંયમ સરહદ છે



ડો.બિરેન પાઠક
ઘોઘંબા, ૨૪-૧૦-૨૪

## મૂકતક

લડી રહયો છું હું પણ હાર્યો નથી,
ઝઝુમી રહયો છું હું પણ ડર્યો નથી,
હે જીંદગી ! તુ કરી લે કેટલા પણ જુલમ !
અડીખમ ઉભો છું હું પણ જરાપણ ડગ્યો નથી.



દિક્ષિત જોષી, વડોદરા

## નવરાત્રી

જ્યા આપણે દરેક તહેવારોએ સ્થાપિત અથવા પાર્થિવ મૂરતોની પૂજા કરીએ છીએ ત્યાં નવરાત્રીએ ઘટ એટલેકે ગરબાની પૂજા સ્તુતિ અને સંગીતમય આરાધના કરીએ છીએ. સંગીત એટલે ભીતર ગુંજતા સોહમ શબ્દ ને સ્વરમાં પરિવર્તિત કરવાની ક્રિયા. મૂર્તિ એટલે મુ+રતી મારી રતી આપનામાં કેન્દ્રિત થાવ. પાર્થિવ એટલે મારામાં રહેલ પૃથ્વી તત્વ સક્રિય થઈ ઈવમય બનો. એટલે કે શિવમય બનો. જ્યારે ગરબો એટલે કે ઘટ એ સ્વશક્તિનું આકાર સ્વરૂપ છે.

યા તો હૃદય યા તો બ્રમ્હરંધ્ર ને ઘટ રૂપે ધારણા કરી તેમાં શ્રદ્ધાની જ્યોત પ્રગટાવવાની ક્રિયાને જ ગરબો પ્રજ્વલિત કર્યો કહેવાય છે. શબ્દ અને સ્વર બેઉને ઉપયોગમાં લઈ શિવાની સ્તુતિઓ, સ્તોત્રગાન અને ગરબા ગાવાની પ્રથા આપણી અંદરની ઉર્જાને પ્રજ્વલિત કરવા હેતુ છે આપણી અંદર ગુંજતા સ્વર અને વ્યંજનો એટલે કે હંસમ+ સોહમ ને તરંગીત કરવાની ક્રિયા.

શિવની અર્ધઅંગના પ્રકૃતિની સંગીતમય સેવા એટલે નવરાત્રી દરમ્યાન કરાતી આરતી, સ્તુતિ, પ્રાર્થના, ગરબા અને સ્તોત્રગાન. વરાત્રી પર્વ પૂર્વે મા ભગવતીના સ્વાગતમાં અમુક પંક્તિઓની રચના કરતા સુખદ અનુભતી.

## ગરબો

ગગનનો ગરબો મારી મા એ પ્રગટાવ્યો સૂરજને ચંદ્ર એની જ્યોત
માવડીના પરચાની જોડ જડે નહિ અખંડ જલતી જ્યોત

આદ્યશક્તિ મા પ્રથમ નિસર્યા આવ્યા ગબ્બર ગોખ
સિંહની અસવારી મારી માને રે શોભે માર્યા ચન્ડ- મુન્ડ અસુરની જોડ.

બહુચર રૂપે માવડી પ્રગટ્યા આવ્યા ચાંચર ચોક
મુએલા મરઘા જીવંત કીધા મોગલ રુએ મૂકી પોક.

મહાકાલીની સેવા રે કરતા રામદાસ સેન એવા ભક્ત
માડીના પરચાઓને શબ્દો રે આપ્યા રચીયા ગરબા અજોડ.

શિવ શામળિયો બેઉ નમે એવી રૂપવતીતી માની જ્યોત
માવડીની ભક્તિ જે કોઈ કરતા પામે એ સર્વે સુખલોક.



ચિંતલ

# સબરસ



માલિની જોશી પાઠક

પરમ કૃપાળુ પરમેશ્વર થકી  આદિકાળ માં બ્રહ્માંડનું સર્જન થયું , તેમાં અગણિત અમૂલ્ય ધરોહર  ધરાવતો વિશાળ દરિયો પણ મળ્યો. આ સબરસ તેમાંનું એક ,

સૂર્યદેવના આકરા તાપે, તેના જળ તપીને સાદી પ્રક્રિયા થકી ,શુકનવંતુ સબરસ બન્યું છે. નૂતન વર્ષની સવારે દરેક જન ,જય શ્રીકૃષ્ણના બોલ સાથે સબરસ કે જેમાં લક્ષ્મીજીનો વાસ છે ,તેના દર્શન કરવા દરેકની આંખો આતુર હોય છે. આકરા અને ક્રૂર અભિગમ ધરાવતા અંગ્રેજોએ પણ સબરસ પરનો કર દયા દાખવીને દૂર કર્યો હતો. પ્રવર્તમાન સમયમાં જો તેના પરથી  સબરસ પરથી કર દૂર થાય તોય ઘણું... પહેલાના સમયમાં શબ ને ધર્મપૂર્વક  થોડો સમય સાચવવા માટે તેની ફરતે સબરસ ની પાતળી ધાર કરતા, તે એક રક્ષક તરીકેનું કામ કરતું.

સબરસ શબ્દ  પાછો કાના-માતર વગરનો સરળ છે. જેમકે શબ્દ ભજન . કદાચ એટલે જ સઘળું સરળ પ્રભુ ને પ્રિય હશે!

સબરસ માંથી છેલ્લા “સ” ને  બાદ કરતા સબર બને છે જે ઉત્તમ ગુણ સૂચવે છે.પછી ના “બ” ને બાદ કરતા સરસ મળે છે, કે  જે સબર ના ફળ રૂપે  મળે તે સરસ જ હોય અને એના જેવું  બરસ ઉર્ફે વરસ ....

આવનાર વરસ માં હુંફ,વ્હાલ અને આત્મીયતા પરસ્પર વરસતી રહે તેવી અભ્યર્થના....

અને હા! સૌને  સઘળું સરળ જ પ્રિય છે  ખરું ને ? જેમકે કાના  માત્ર વગર નો શબ્દ , મ...ફ....ત ....એટલે જ કદાચ એ સૌને વહાલું પણ હશે.સૌને નવા વર્ષ ના જય શ્રી કૃષ્ણ પ્રણામ.

---

# संग्रह से विग्रह



डॉ प्रीति जी दवे
वास्तु एक्सपर्ट

बहुत बार हमारे साथ ऐसा होता है कि हमारे कार्यस्थल या घर में प्रवेश करते ही हमारे भीतर एक बैचेनी सी बढ़ने लगती है और हम प्राय: उसका हल चिकित्सा पद्धति में ढूंढने का प्रयास करते है, ऐसा भी हो सकता है लेकिन उससे भी ज्यादा महत्व उस स्थान पर व्याप्त ऊर्जा का होता है। कई धर्मो व शास्त्रों में वर्णित है कि हर वस्तु व हर दिशा में आत्मिक ऊर्जा प्रवाहित होती है। यदि हम स्थल पर उस आत्मिक ऊर्जा केविरूद्ध भराव या दूसरे शब्दो में संग्रह कर लेते है तो वातावरण में नकारात्मकता आने लगती है। ऐसे में क्या किया जाएं करना सिर्फ इतना सा है कि हम जिन वस्तुओं का व साधनो का प्रयोग अपने व्यक्तिगत उपयोग में करते है उन्हें वर्ष में एक बार परख लेना चाहिए कि वह हमारी आवश्यकता की है या नहीं है या हमने उनका अनावश्यक संग्रह तो नहीं कर रखा है। ना उपयोगी वस्तुओं का संग्रह सकारात्मक ऊर्जा केप्रभाव को रोकता है। कई बार हमारे मन में आता है कि इनका संग्रह कर लेते है भविष्य में यह हमारे काम आएगी लेकिन सत्य इसकेविपरीत है। प्रतिशत वो वस्तुएं हमारे उस समय काम में ही नहीं आती। कार्यस्थल पर कागजो की रददी, मिले हुए उपहार, जो अब किसी संदर्भ केव उपयोगी नहीं है उन्हें निस्तारित करने का प्रयास नहीं करते और उस स्थान में भराव प्रारंभ होने लगता है। मेरा मानना है कि हमें हमारी आलमारी के समक्ष माह में एक बार खड़े होकर देख लेना चाहिए कि मैंने कितने समय तक इन कपड़ो का उपयोग ही नहीं किया और मुझे उन्हें पहनने में खुशी हासिल नहीं होती तो उनका समय पर उनका निस्तारण कर देना चाहिए। वर्तमान में सेल में व आनलाइन केभुलावे में ना जाने हम कितनी ही अनुपयोगी वस्तुओं का संग्रह लोभवश या बचतवश कर लेते है लेकिन जिस दिन हमने यह स्वीकार कर लिया कि हमारे घर की चारदीवारी व हर कोने का अपना महत्व होता है तो खाली हुआ स्थान हमें सकारात्मकता से भर देगा। जैसे ही हम अनपुयोगी वस्तुओं का त्याग करना प्रारंभ कर देगें तो हम अपने आपको भावनात्मक रू प से और परिपक्व कर सकते है। वस्तुओं का मोह का भंग होते ही जीवन में सकारात्मक परिवर्तन आना निश्चित है। प्रयास सूक्ष्म है लेकिन करने का संकल्प तो लेना होगा तो आज ही एक बार अपने कार्यस्थल व निवास स्थल को इस निगाह से भी जांचने का प्रयास करे....



# મજબૂર

-રાજેશ પંડયા "રાજ" (તંત્રી શ્રી)
કલરવ ચેરીટેબલ સાહિત્ય ટ્રસ્ટ, (ઉપપ્રમુખ)

દિવાળીના ચોપડાપૂજન તૈયારીઓ બપોરે થઈ રહી હતી. એટલામાં રોડ ઉપર બૂમો સંભળાઈ.

"મારો મારો એટલો મારો કે જીવનભર આવું ના કરે."

"જેનું જીવનભર ખાધું એ દેવતા જેવા માલિક સાથે દગો!"

"આજે એને છોડશો તો ફરી આવું કરે ને!"

"પોલીસને બોલાવો. હું નંબર ડાયલ..."

સી.જી રોડ, અમદાવાદમાં "ઝગમગાટ જ્વેલર્સ" નામે શિવાભાઈનો શો રૂમ ઘણાં વરસોથી ચાલે. સોનાના ઘરેણાં, ડાયમંડ અને પ્લેટિનમના ઉચ્ચ ઘરેણાં માટે બજારમાં એમનું નામ વખણાય.

રૂપેશ વરસોથી એમની ત્યાં કામ કરે, શિવાભાઈને ખૂબ વફાદાર રહ્યો હતો. શિવાભાઈ કોઈ મોટો ગ્રાહક ઘેર ખરીદી કરવા ફોન કરે તો રૂપેશ જ ગાડી લઈ જાય. રૂપેશ આટલો વફાદાર હતો અને અચાનક પંદર લાખના ડાયમંડ નેકલેસનો હાર ચોરી કરી, કાલે સગેવગે કરી નાંખેલ. એની ચોરી પકડાતાં શો રૂમની અંદર વાતાવરણ ગરમાગરમ થઈ ગયું હતું.

માલિક શિવાભાઈ બીજા શો રૂમ ઉપરથી આવ્યાં, રૂપેશને કેબિનમાં બોલાવ્યો, એમણે નાનું કબાટ ખોલી પંદર લાખ રૂપિયા રૂપેશ સામે ધર્યા. રૂપેશ કશું બોલ્યો નહીં, શિવાભાઈ પણ કશું બોલ્યાં નહી, અચાનક રૂપેશ ઊભો થઈ શિવાભાઈના પગમાં પડી ગયો, ધ્રૂસકે ને ધ્રૂસકે રોવા માંડયો, રડતાં રડતાં અસ્પષ્ટ બોલતો હતો. શિવાભાઈ ઊભા થયા, રૂપેશને પોતાના હાથે પાણી આપ્યું, પછી એટલું જ બોલ્યાં: "કેમ?" કેબિન બહાર આખો સ્ટાફ કાચમાંથી જોતો હતો.


રૂપેશ રડતાં રડતાં બોલ્યો કે શેરબજારમાં પુત્ર નિમેષે ડબ્બા ટ્રેડિંગ રમી એક જ દિવસમાં પંદર લાખનું દેવું કર્યું હતું. અમારી પાસે આટલા બધાં રૂપિયા ના હોવાથી એ લોકોએ નિમેષનું અપહરણ કર્યું, ધમકીઓ આપી કે પોલીસ ફરિયાદ કરશો તો નિમેષને પતાવી દઈશું. રૂપેશ આટલું બોલી બેભાન જેવો થઈ ગયો. શિવાભાઈએ સ્ટાફને કેબિનમાં બોલાવ્યો, રૂપેશને લીંબું શરબત આપવા આસિસ્ટન્ટને સૂચના આપી. રૂપેશ બેઠો થયો. શિવાભાઈએ એમના બોડીગાર્ડને બોલાવી પંદર લાખ રૂપિયા આપી રૂપેશ સાથે જવાનું કહ્યું. રૂપેશ પગે લાગતો રડતો રડતો ગયો.

શિવાભાઈ સ્ટાફને ઉદ્દેશી બોલ્યાં : "રૂપેશને તમે ખૂબ માર્યો જ્યારે મેં એનામાં આવેલી આસુરીવૃતિને મારી. જિંદગીભર એ ફરી ચોરી નહીં કરે. રૂપેશ ઉંમરમાં મારાથી પાંચ વરસ મોટો છે. હું એની મજબૂર આંખો ઓળખી ગયો હતો. હું બધું કરી શકત પણ સાચી વાત કે આ આસુરીવૃત્તિ એનામાં આવી ક્યાંથી એ જાણી ના શકત. માણસને માર્યા કરતાં એનામાં રહેલી ખરાબ વૃત્તિને મારો. આપોઆપ એને માર્યા કરતાં ઝડપથી સુધરી જશે."

"મારા પંદર લાખ તો એ જો જો ઝડપથી ચૂકવી દેશે. એણે જેને ડાયમંડ નેકલેસ વેચ્યો છે એ હું પોતે જ છું. એ પેઢીનો માલિક મારો પાર્ટનર મિત્ર જ છે, આજે પેમેન્ટનું નાટક કરવાનું હતું. મને કાલની બધી ખબર હતી."

આખો સ્ટાફ અસમંજસ સ્થિતિ માં ફરી દિવાળીના ચોપડાપૂજન ની ઊજવણી માં જોડાઈ ગયો. મજબૂરી એવી સ્થિતિ છે કે આખા માણસને બદલી નાંખતા અચકાતી નથી. ■

# DIGITAL LITERACY – No More Luxury હવે આજના સમયની જરૂરિયાત



વિક્રમ સંવત 2080 નું વર્ષ પૂરું અને વિક્રમ સંવત 2081 નું વર્ષ શરૂ થયું આમ આપણી ભારતીય / હિન્દુ કાલગણના સાથે સાથે અંગ્રેજી કાલગણના એટલે કે 2024 નું વર્ષ પણ હવે એક મહિના પછી પૂરું થશે અને આવી આધુનિક 21 મી સદીમાં આપણે કયા જ્ઞાનની અતિ આવશ્યકતા છે તેની ચર્ચા આ લેખમાં કરવાના છીએ

## DIGITAL LITERACY એટલે શું અને શા માટે?

Smart Phone [Mobile Phone] / LED Smart TV / Mobile Apps with internet / Social Media [ Facebook, Instagram, Linked in, Twitter, Thread etc.] Computer / Laptop / Tablet PC / Online Games / Smart Watch / Microwave oven / Washing Machine / ઘરઘંટી / A.C. – TV – DTH Remote Control / Car Dash Board / CCTV Camera આ યાદી પૈકીની ઘણીબધી ચીજ વસ્તુઓ હવે આપણાં રોજ બ રોજની જિંદગીનું અવિભાજ્ય અંગ બની ચૂકી છે. શું આ બધા વગર સુવિધા – શાંતિ અને સરળતા ભરી જિંદગી શક્ય છે ખરી ? અને આ બધી સુવિધાજનક technology સાથે પનારો પાડવા માટે જે જ્ઞાનની જરૂર છે એને કહેવાય Digital Literacy.

દિવસ ઊગ્યોને ઉઠયા ત્યારથી સૂઈ જાવ ત્યાં સુધી – સોમવાર સવારથી રવિવાર રાત સુધી – મહિનાની પહેલી તારીખથી આખર તારીખ સુધી – 1 January થી 31 December સુધી એટલે કે દિવસ દરમિયાન – આખા અઠવાડિયામાં – પૂરો મહિનો કે આખું વર્ષ આ Digital Literacy વગર વ્યક્તિને ચાલે નહીં

## DIGITAL LITERACY ની જરૂરિયાત આપણાં જીવનમાં કયા કયા છે?

Birth Certificate અને Death Certificate: માણસના પોતાના જ આ બે certificate એવા છે, જે એ પોતે લેવા જઈ શકતો નથી. આ બન્ને અને એ સિવાયના તમામ certificates હવે online મધ્યમથી મેળવવા પડે છે – શાળા કોલેજ અને યુનિવર્સિટીમાં ભણવા ઉપરાંત પરીક્ષા અને અન્ય જાહેર પરીક્ષાઓ પણ હવે ધીમે ધીમે online લેવાતી થઈ ગઈ છે. ધો. 10 અને 12 તથા કોલેજના માર્કશીટ અને પ્રમાણપત્રો – નોકરી માટેની અરજી કે વ્યાપાર કરવા માટે બેન્ક લોનની અરજી – લગ્નનું પ્રમાણપત્ર પણ apply online આવી ગયું છે. Professional Tax / Income Tax / GST / House Tax – સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને એના લાભ લેવા માટે / વાહનનો – ઘર અને પરિવારની વ્યક્તિઓનો વીમો – mediclaim હોય કે life insurance એના માટે વિધિ તો online જ કરવી પડે છે. વીમો લીધો તો ખરો પણ જો પાકે તો એની કાર્યવાહી પણ વીમા કંપની કે બેન્કમાં online કરવી જરૂરી હોય છે. જમીન – મકાનના દસ્તાવેજને લગતી કામગીરી હવે મોટેભાગે digitize થઈ ચૂકી છે.

બેન્કનું એકાઉન્ટ ખોલાવવાનું એને operate કરવાનું અર્થાત બેન્કમાં કે ATM / Debit Card – Credit Card દ્વારા અને અંતે એને બંધ કરાવવા Digital Literacy વ્યક્તિમાં હોવી આવશ્યક છે. UPI App – PayTm & Google Pay તો હવે ધોબી અને શાકભાજી વાળા ફેરિયા પણ વાપરવા માંડ્યા છે તો આપણે નહીં વાપરીએ એ કેમ ચાલશે?

ગેસનો બાટલો કે પાઇપ ગેસનું બિલ ભરવા / ઘર કે ઓફિસનું લાઇટબિલ / ટેલિફોન બિલ / તમામ પ્રકારના tax / પોતાની carનું Fast Tag / બાળકોની સ્કૂલ – કોલેજની fee ભરવાનું હવે online થઈ ચૂક્યું છે. Book My Show – મનોરંજન માટે movie tickets કે કાર્યક્રમની ટિકિટ હવે online સરળતાથી મળે છે.

બીમાર પડ્યા તો ડૉક્ટર સાથે tele medicines હવે ધીમા પગે આવી રહી છે પણ blood reports હવે online જ મળવા લાગ્યા છે જે email કે WhatsApp દ્વારા ઘરે બેઠા મળી જાય છે. દર મહિને જોઈતી દવાઓ mobile app દ્વારા ઘેરબેઠે મળી રહે છે.

OLA-UBER / Rapido Bike Taxi / ST BUS-RAILWAY / AIR TICKET BOOKING ધક્કા મુક્કી ભરી લાઇનમાં ઊભા રહેવા કરતાં online કરવું સહેલું પડે છે. આમ મુસાફરી કરવા માટે digital literacy આવશ્યક થઈ ચૂકી છે.

જો નોકરી કરતાં હોય તો નોકરીના સ્થળે Thumb Impression or Face Scanning દ્વારા હાજરી પૂરવાથી માંડીને ટેલી – SAP કે વિવિધ પ્રકારના software અને જો પોતાનો વ્યાપાર હોય તો વ્યાપારની website થી માંડી ચલણ કે બિલ અને GST બધે digital literacy હોવી જરૂરી છે. Zomato અને Swiggy દ્વારા ઘેરબેઠા ભાવતા ભોજન મળી રહ્યા છે. Amazon / Flipcart / Snap deal ટાંકણીથી માંડી Toyota ગાડી સુધીનો સામાન ઘેરબેઠા online આપી રહ્યા છે

2010 – 11 માં શરૂ થયેલ WhatsApp નું એટલું લોકવ્યાપીકરણ થયું છે કે એના વગરની જિંદગી જીવવાની મઝા જ ના આવે. એક વખત જેમ WhatsApp અજાણ્યું હતું અને હવે WhatsApp ના વાપરતો હોય એ વિચિત્ર કહેવાય એમ ધીમા પગલે ChatGPT, MS Bing, Google Bard પણ આવનાર પાંચથી દસ વર્ષમાં આપણાં રોજિંદા જીવનનો ભાગ અવશ્ય બની જશે એટલે જ પોસ્ટ કાર્ડ, inland letter અને ટપાલ એ ભૂતકાળ બની જશે એ નક્કી છે. શું તમને દિવસમાં એક વાર YouTube નો video જોયા વગરનો એક માણસ મળી શકશે ખરો ? Video Call પણ હવે સામાન્ય જન વપરાશ કરી રહ્યા છે એવું સમાજમાં જોવા મળે છે ખરૂં. ડાકોર, સોમનાથ, અંબાજી, સિધ્ધી વિનાયક અને આપણાં ઇષ્ટ દેવી – દેવતાના રોજ બરોજના દર્શન અને આરતીનો ઘેરબેઠા લાભ લેવા Digital Literacy હોવી જરૂરી છે.

Zoom અને Microsoft Team દ્વારા Online બેસણા attend કરેલ સૌને યાદ હશે અને હવે સત્યનારાયણની કથા – વાસ્તુ – Birthday અને જનોઈ કે લગ્ન પ્રસંગનું online webcasting જેથી બહારગામ / પરદેશથી ના આવી શકેલ લોકો એ પ્રસંગમાં લાગણી અને ભાવ – વિચારથી જોડાઈ શકે છે ખરા. અને આ જ સામાજિક પ્રસંગોમાં ચાંદલો અને વ્યવહાર પણ હવે તો Digitally સ્વીકારવાનું શરૂ તો થઈ ચૂક્યું છે ને.

મનોરંજન – Music App / વિવિધ OTT Platform દ્વારા ઘર નહીં bedroom બેઠા Movie / ઇચ્છિત ગીત – સંગીત – ભજન – કથા – આરતીનો આપણે ઈચ્છીએ ત્યારે હાજર એવો ઉપયોગ કરવા માટે Digital Literacy વગર ચાલશે ?

વાહન ચલાવતા નિયમભંગ ના લીધે E Challan, પોલીસ સ્ટેશનમાં ફરિયાદ, ન્યાયની કોર્ટ હોય, ચુંટણીનું મતદાન EVM અને એ પહેલાની voting slips – વિધાનસભા, લોકસભા કે રાજ્યસભા બધે Computerization ઘણી ઝડપે વધી રહ્યું છે અને એ માટે એની સાથે સંકળાયેલા સૌમાં Digital Literacy હોવી જરૂરી છે.

કેલ્કયુલેટર, Clock [Alarm] વિવિધ પ્રકારના Meeting અને કામને લગતા Reminder થી આપણી રોજ બરોજના કામમાં સરળતા રહે છે અને effectiveness અવશ્ય વધે છે. અજાણ્યા સ્થળે જવા માટે Google Map તથા ન જાણીતા વિષય અંગે માહિતી માટે સહેલાઈથી search કરીને કામ પૂરું કરી શકીએ છીએ – શું આ બધુ Digital Literacy કેળવ્યા શિવાય શક્ય બને ખરું ??

Digital Literacy વગર તમારી જિંદગી ચાલશે ખરી, એવું નથી કે સાવ અટકી જાય પણ તમારા પૈસા અને સમયનો બિન જરૂરી વપરાશ / વેડફાટ વધી જાય તે ચોક્કસ વાત છે. આ ઉપરાંત આ સ્કિલ ન જાણતા લોકો એ Digital Skill જાણતા વ્યક્તિ – સ્વજન ઉપર આધાર જરૂર રાખવો પડશે એ પણ નક્કી છે.

## DIGITAL LITERACY કેળવવાના ફાયદા

- Transparency કારણકે પુરાવા છે [ recording કે video પુરાવા] – accountability
- બિન જરૂરી સમય અને પૈસાનો બગાડ અટકે છે.
- આપણાં નોકરી વ્યવસાય અને રોજબરોજની જિંદગીના કામોમાં આપણી effectiveness વધે છે.
- Digitally Literate વ્યક્તિ સુવિધા અને સગવડભરી જિંદગી આસાનીથી જીવી શકે છે.
- લાંબાગાળે સમાજમાંથી ભ્રષ્ટાચારને ઘટાડવામાં મદદરૂપ થશે.
- સામાજિક અસમાનતા દૂર કરી સમાનતા લાવવામાં મદદરૂપ થાય છે.

ગુજરાત રાજ્યમાં 18,000 જેટલા ગામોમાં 14,000 જેટલી ગ્રામ પંચાયતો આવેલી છે. ગુજરાતની આશરે સાત કરોડની વસ્તીમાં 55 થી 60% જેટલા લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહે છે ત્યારે Digital Literacy નો વ્યાપ વધારવો સમાજમાં સુવ્યવસ્થા માટે પણ આવશ્યક છે.

ભણેલા કે અભણ / અમીર કે ગરીબ / ગ્રામીણ કે શહેરી / પુરુષ કે સ્ત્રી / બાળક – યુવાન – પ્રૌઢ કે વૃધ્ધ / હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, જૈન, પારસી કોઈ પણ જ્ઞાતિ – જાતિના, ગુજરાતી – हिन्दी - English, કોઈ પણ ભાષા બોલતા લોકોને Digital Literacy વગર ચાલે જ નહીં, એ સત્ય સાથે તમે પણ જરૂર સહમત થશો.


આપણા હાલના સમાજમાં ખાસ કરીને નાના બાળકો, યુવાનો અને 35 થી 40 વર્ષથી નીચેની ઉંમરના લોકોમાં તેમની કુતુહલતા, ટેકનોલોજીની ઉપલબ્ધિ અને જરૂરિયાતના લીધે Digital Literacy નું પ્રમાણ સ્વાભાવિક પણે પ્રૌઢો અને વૃદ્ધો કરતા વધારે જોવા મળી રહ્યું છે. એજ પ્રમાણે સ્ત્રીઓ કરતાં પુરુષોમાં Digital Literacy વધુ હોય એવું બની શકે ખરું.

પ્રૌઢો અને વૃદ્ધોમાં **बहोत गई थोड़ी रही** અને હવે નહીં શીખ્યા તો ચાલશે એવી આળસ વૃત્તિના કારણે પણ Digital Literacy ઓછી હોય એવું જણાય છે. અને આને જ કદાચ Generation Gap બનવાનું એક કારણ પણ ગણી શકાય એમ છે.

મિત્રો સમાજમાં જોવા મળી રહ્યું છે Digital Divide : તમે ગમે તેટલું ભણેલા હોવ. M A / M. Com કે M. Sc પરંતુ જો તમે Digital Literate નથી તો અભણ કે ડોબા માં ગણાઈ જાવ તેવી સંભાવના ખરી. આજથી બસો વર્ષ પહેલાના રાજા – મહારાજા અને આજથી સો વર્ષ પહેલાના અમીર ઉમરાવો કરતાં પણ સુવિધાસભર જિંદગી આપણે આજના સામાન્ય માણસ જીવી રહ્યા છીએ. એવું કરવામાં Technology નો ઘણો મોટો – સિંહફાળો છે માટે જ એકવીસમી સદીના સમય સાથે તાલ થી તાલ મિલાવવા માટે Digital Literacy કેળવવી એ આવશ્યક બાબત બની ચૂકી છે.

**મુખવાસ: આવો માહિતીસભર લેખ વાંચવા માટે જોઈતી Digital Literacy તો તમારામાં છે, એ બદલ અભિનંદન !! પણ હવે આગળ શું ?** [લખ્યા તા. 31.10.2024 – લેખક સમીર ભાનુપ્રસાદ પંડયા, KJIT Savli, જી. વડોદરા.]

# || આદરાંજલી ||



સ્વ. રવીન્દ્રભાઈ નટવરલાલ શુક્લ



સ્વ. કુસુમબેન રવીન્દ્રભાઈ શુક્લ



સ્વ. ડૉ. રાહુલ રવીન્દ્રભાઈ શુક્લ

દિવંગત આદરણીય શ્રી. રવીન્દ્રભાઈ નટવરલાલ શુક્લ તરફથી તેઓશ્રીના ધર્મપત્ની સ્વ.સૌ. કુસુમબેન રવીન્દ્રભાઈ શુક્લના સ્મરણાર્થે – શ્રેયાર્થે મહાલક્ષ્મી માતાજી મંદિર, મધવાસના ‘શ્રીનિવાસ’ નિર્માણ હેતુ રૂ. 200000/- તથા શ્રીનિવાસ ગ્રાઉન્ડ ફ્લોરના ઇન્ટીરીયર કામ હેતુ રૂ. 1,75,000/- કૂલ રૂ. 3,75,000/- નું માતબર યોગદાન આપેલ છે. તેમાં તેમના સુપુત્ર અને કોર ટીમના સક્રિય સભ્ય સ્વ. ડૉ. રાહુલભાઈ એ પ્રોત્સાહક સમર્થનથી મંદિર પરિસરના વિકાસ માટે સહયોગ આપેલ છે.

આ પ્રેરક અને નોંધપાત્ર યોગદાન માટે દિવંગત ત્રણેય પૂણ્યાત્માને હૃદયપૂર્વક પુષ્પાંજલી સહ આદરાંજલી.

## || કૃતજ્ઞતા પૂર્વક ||

સૌજન્ય:

મયૂરકુમાર સૂર્યકાન્ત શુક્લ

કોર ટીમ સભ્ય

શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર , મધવાસ.



## : વય સેવા નિવૃત્ત :

## સુ.શ્રી.રેખાબેન (મીનાબેન) જયેષ્ઠારામ દ્વિવેદીનું

## || ગૌરવાભિનંદન ||

નવસર્જન હાઇસ્કુલ મધવાસના મદદનીશ શિક્ષિકા સુ.શ્રી.રેખાબેન (મીનાબેન) જયેષ્ઠારામ દ્વિવેદીને તેમની વયસેવા નિવૃત્તિના પ્રસંગે શુભેચ્છક શ્રીબંધુ અને પાડોશી આપ્તજન તરીકે શબ્દપુષ્પો વડે ગૌરવાભિવાદન કરતાં હર્ષ અનુભવીએ છીએ.

"દામોદર ઉપનિષદ" ના રચયિતા અને પ્રખર વિદ્વાન આદરણીય શ્રી દામોદરભાઈ દ્વિવેદી પરિવારમાં પૂજ્ય પુષ્પાબેન જ્યેષ્ઠારામ દ્વિવેદીના સુપુત્રી અને જનકભાઈ દ્વિવેદીના ભગિની એવા સુ.શ્રી.રેખાબેને અધ્યયન – અધ્યાપનના સુસંસ્કાર મેળવીને નવસર્જન હાઈસ્કુલ મધવાસમાં મદદનીશ શિક્ષિકા તરીકે સેવારત બન્યા અને સેવાકાળ દરમિયાન એમ.એ., બી.એડ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો.

શાળામાં સહાભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક યોગદાન આપીને વિદ્યાર્થીઓની મોટી ચાહના મેળવી , સાચા અર્થમાં એક સર્જનશીલ શિક્ષિકા તરીકે બહુમાન પામ્યા.

મહાલક્ષ્મીજી મંદિરમાં યોજાતી વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓમાં સતત સહયોગી બનતા સુ.શ્રી.રેખાબેનનો મિલન સાર વ્યવહાર નોંધપાત્ર રહ્યો છે.

આવા વિદ્યાર્થી વત્સલ , મૃદુ , નિષ્ઠાવાન અને ઉદ્યમી સુ.શ્રી.રેખાબેનને નિરામય શેષ જીવન સાથે વય નિવૃત્તિની અનેકાનેક શુભેચ્છાઓ સાથે હૃદયથી ગૌરવાભિવાદન.

**|| આદર સહ ||**

વિજયાદશમી
તા. ૧૨/૧૦/૨૦૨૪

મયુરકુમાર સૂર્યકાંત શુક્લ
રશ્મિકા મયુરકુમાર શુક્લ
(મધવાસ - અમદાવાદ)

# || હૃદયાંજલી ||



સ્વ. પ્રિ.ડૉ. અરૂણકુમાર લજ્જાશંકર પાઠક



સ્વ.પ્રતિભાબેન અરૂણકુમાર પાઠક

.

શ્રીજી ચરણવાસી પ્રિ. ડૉ. અરૂણકુમાર લજ્જાશકર પાઠક એ તેઓશ્રીના ધર્મપત્ની ગોલોકવાસી. સૌ. પ્રતિભાબેન અરૂણકુમાર પાઠકના સ્મરણાર્થે મહાલક્ષ્મી માતાજી મંદિર પરિસર, મઘવાસમા યજ્ઞશાળા નિર્માણ હેતુ રૂ. 2,50,000/- નું યોગદાન આપવાનો સદસંકલ્પ કર્યો હતો. જે પૈકી તેમણે તેમની સુપુત્રી સૌ. રશ્મિકાબેન ને રૂ. 1,00,000/- તેઓની હયાતીમા આપેલ. ત્યારબાદ તેઓશ્રીનું ટૂંકી માંદગી બાદ કૈલાસધામ ગમન થયું. તેમના યજ્ઞશાળા નિર્માણના આ સંકલ્પને પૂર્ણ કરવા તેમની બે સુપુત્રીઓ સૌ.રશ્મિકા અરુણકુમાર પાઠક અને સૌ.અલ્પા અરુણકુમાર પાઠક એ બાકીના રૂ. 1,50,000/- યોગદાન આપીને કુલ રૂ. 2,50,000/- નોંધપાત્ર દાન મંદિર ની યજ્ઞશાળા માટે આપેલ છે. જે યજ્ઞશાળા કાર્યરત બનતા આ મંદિર પુનિત શ્રદ્ધાતીર્થ બનેલ છે.

શ્રીગૌડ જાગૃતિ માધ્યમ થકી વૈકુંઠવાસી પૂજ્ય શ્રી. ડૉ. અરૂણકુમાર લજ્જાશંકર પાઠક અને કરૂણામૂર્તિ સૌ.પ્રતિભાબેન અરૂણકુમાર પાઠકને પુષ્પાંજલી સહ હૃદયાંજલી.

**|| ધર્મમૂર્તિ પિતા અમારા , ભક્તિની મૂર્તિ માત તું ||**

**|| સાદર ભાવાંજલી ||**

રશ્મિકા અરૂણકુમાર પાઠક

યતિન અરૂણકુમાર પાઠક

અલ્પા અરૂણકુમાર પાઠક

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત

## (રજિ.નં.એ-૩૩૫૨/અમદાવાદ)

## જીવનનિર્વાહ અન્ન સહાય યોજના

આદરણીય શ્રી બંધુઓ,

સમાજના મધ્યમ અને જરૂરિયાતમંદ કુટુંબોને મદદરૂપ થવા સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત દ્વારા જીવનનિર્વાહ અન્ન (અનાજ કીટ) સહાય યોજના અંતર્ગત ચાલુ વર્ષમાં સમાજના આર્થિક રીતે નબળા હોય અને આર્થિક સંકડામણ અનુભવતા હોય તેમજ મુખ્ય કમાનાર સભ્યનું અવસાન થયું હોય તેવા પરિવારોને, વિધવા, ત્યક્તા, છૂટાછેડા લીધેલી બહેનો, દિવ્યાંગ પરિવાર, કોઈ આપત્તિના કારણે ઘરની આવક બંધ થઈ ગઈ હોય જેમ કે નોકરી છૂટી ગઈ હોય તેવા પરિવારોને અન્ન - અનાજની કીટ ( કરિયાણું) સહાય આપવાની યોજના ચાલુ કરવા જઈ રહ્યા છીએ.

આપ સર્વ શ્રીબંધુઓને અપીલ કરવામાં આવે છે કે આપના ધ્યાનમાં આવા કોઈ જરૂરિયાતવાળા "શ્રી" બંધુ/પરિવાર હોય તો નીચે જણાવેલ કોઈપણ સભ્યને તા. ૩૧/૧૨/૨૦૨૪ સુધીમાં વ્યક્તિગત જાણ કરશો.

તપાસ કરીને યથાયોગ્ય અનાજની કીટ ( કરિયાણું)- ની મદદ કરવામાં આવશે.

**માહિતી આપવા માટેના સંપર્ક નંબરો:-**

(૧) શ્રી જયંત જોષી (મો. ૯૬૦૧૯૯૫૫૬૭) (૨) શ્રી જયંત શુક્લ (મો. ૯૯૨૫૯૭૦૩૯૯)

(૩) શ્રી જિજ્ઞેશ પંડિત (મો. ૯૦૯૯૦૨૯૦૭૯) (૪) શ્રી રાજેશ પંડ્યા (મો.૯૯૯૮૭૧૬૫૭૭)

લાભાર્થીઓનુ સન્માન જળવાય તે માટે નામ કે યાદી જાહેરમાં પ્રસિધ્ધ કરીશું નહીં કે વિતરણકાર્યના ફોટા કોઈપણ સોશ્યલ મીડિયામાં પ્રસિદ્ધ થશે નહીં. આર્થિક સક્ષમ શ્રીબંધુઓ ને સામાજિક સંદેશ કે અન્નદાન એ મહાદાન છે.

આ યોજના માટે સમાજના સભ્યો તરફથી દાન આવકાર્ય છે. સર્વે શ્રી બંધુઓને વિનંતી કરવામાં આવે છે કે આવા સેવાના કાર્યમાં યથાયોગ્ય મદદ પણ કરશો.

**Bank Details: Account name : Samast Shreegaud Samaj, Gujarat**
**Bank : SBI, Branch : Pragatinagar**
**Account number: 30121839092, IFS Code: SBIN0008053**

યોગદાન જમા કરાવી તેનો સ્ક્રીન શોટ પ્રવીણભાઈ પુરોહિત (મો. 9824358297) ખજાનચીને વોટ્સએપ ઉપર મોકલી આપવાનો રહેશે.

આભાર સહ,

શ્રી કમલેશભાઈ પાઠક (પ્રમુખ) (મો. ૯૪૨૬૫૧૧૪૭૨)

શ્રી યોગેશભાઈ શુક્લ (મંત્રી) (મો. ૯૮૨૪૦૫૮૭૯૯)

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત (રજી. નં . A/3352 અમદાવાદ)

## શૈક્ષણિક સહાય ફોર્મ

**(નોંધ: ફોર્મ માં માંગેલી વિગતો સ્પષ્ટ અને પુરી ભરવી. અધુરી ભરેલી વિગતો સ્વીકારવામાં આવશે નહીં)**

**પ્રતિ શ્રી, મંત્રીશ્રી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત** તારીખ: ____________

1. વિદ્યાર્થી/વિદ્યાર્થીની નું નામ : ____________________
2. હાલ અભ્યાસ નું ધોરણ : ____________________
3. ગયા વર્ષે કયા ધોરણ માં અભ્યાસ કર્યો અને તેના પરિણામ ના ટકા : ____________________
4. શાળા /કોલેજ ની વાર્ષિક ફી ની વિગતો (ફક્ત શૈક્ષણિક ફી ની વિગતો દર્શાવવી )

   ____________________

5. જે સંસ્થા માં શિક્ષણ લેતા હોવ તે સંસ્થા નું પુરૂ નામ અને સરનામું પીનકોડ નંબર સાથે :

   ____________________

   ____________________

   ટેલિફોન નંબર ____________________

6. વિદ્યાર્થી/વિદ્યાર્થીની ની જન્મ તારીખ : ____________________
7. વિદ્યાર્થી/વિદ્યાર્થીની નો મોબાઇલ નંબર : ____________________
8. વિદ્યાર્થી/વિદ્યાર્થીની / વાલી - ના બેંક એકાઉન્ટ ની વિગતો :

   બેંકનુ નામ: ____________________

   બેંકની બ્રાન્ચ નું નામ: ____________________

   એકાઉન્ટ નંબર: ____________________

   આઇઆરએફસી કોડ: ____________________

9. પિતા / માતા નો વ્યવસાય : ____________________
10. સંયુક્ત કુટુંબ ની કુલ વાર્ષિક આવક : ____________________

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત (રજી. નં . A/3352 અમદાવાદ)

11. બીજી કોઈ સંસ્થા કે વ્યક્તિ તરફથી કોઈ સહાય મળે છે? ____________________

જો મળતી હોય તો તેની વિગતો : ____________________

12. ઇ.બી.સી. મુજબ મળતી મદદ માટે સરકાર માં અરજી કરી હોય તો તેની વિગતો :

____________________

____________________

13. વાલી નું નામ સરનામું પીનકોડ નંબર સાથે:

____________________

____________________

વાલી નો મોબાઇલ નંબર____________________

14. કૃપા કરીને આપણા સમાજ માંથી એક વ્યક્તિનું નામ (સંબંધીઓ સિવાય) અને સંપર્ક નંબર આપવા વિનંતી :

નામ:____________________

સંપર્ક નંબર:____________________

**આ સાથે મારા પુત્ર / પુત્રી / પાલ્ય માટે સમસ્ત શ્રીગૌડ સમાજ તરફથી શૈક્ષણિક સહાય મેળવવા માટે હું બાંહેધરી આપું છું કે ઉપર જણાવેલી તમામ વિગતો સાચી છે.**

____________________ ____________________

**વાલી ની સહી** **વિદ્યાર્થી / વિદ્યાર્થીની ની સહી**

**આ ફોર્મની સાથે નીચેની માહિતી મોકલવી ફરજિયાત છે.**

1. **કેન્સલ ચેક**
2. **ગત વર્ષના પરિણામની નકલ**
3. **આધાર કાર્ડની નકલ (સરનામાના પુરાવા માટે)**
4. **હાલ જે અભ્યાસ ચાલુ હોય તેના પ્રથમ સત્ર ની ફી ની પહોંચની ઝેરોક્ષ**

ભરેલ ફોર્મ નીચેના માંથી **કોઈ પણ એક સરનામે** મોક્લી આપવા.

1. **શ્રી જયંત જી. જોષી (મો. ૯૬૦૧૯૯૫૫૬૭ )**
   **પ્લોટ નં - ૪૧૫/૨, સેક્ટર નં - ૩ (બી), ગાંધીનગર - ૩૮૨૦૦૬.**
2. **શ્રી દિગીશ કે. દવે, (મો. ૮૫૧૧૧૮૪૧૮૪)**
   **૭૦, સ્વામિનારાયણ સોસાયટી, વિશાલ નગર પાસે, ઈસનપુર, અમદાવાદ - ૩૮૨૪૪૩.**

# શ્રી અન્નપૂર્ણા સસ્તુ ભોજનાલય, શ્રી અન્નપૂર્ણા ટ્રસ્ટ, ખંભાત

શ્રી અન્નપૂર્ણા સસ્તુ ભોજનાલય, શ્રી અન્નપૂર્ણા ટ્રસ્ટ, ખંભાત દ્વારા સંચાલિત છે. શ્રીગૌડ અગ્રણી માન. શ્રી રણજીતરાય શાસ્ત્રી દ્વારા વસંતપંચમીના રોજ વર્ષ ૧૯૭૩માં આ ટ્રસ્ટની શરૂઆત કરવામાં આવેલ હતું. શરૂઆતમાં વ્યક્તિ દીઠ ૪૦ પૈસા અને ટીફીનના ૫૦ પૈસા ભોજનનો ચાર્જ લેવામાં આવતો હતો. હાલમાં વ્યક્તિ દીઠ રૂ. ૧ અને ટીફીનના રૂ. ૨ ભોજનનો ચાર્જ લેવામાં આવે છે. સંપૂર્ણ સેવાકીય કામ છે, જેનો ફાળો લોકો દ્વારા જ મેળવવામાં આવે છે. રોજ આશરે ૧૨૫ થી ૧૫૦ લોકો ટીફીન સેવાનો લાભ લે છે.



# ઓક્ટોબર-નવેમ્બર ૨૪માં સ્વર્ગસ્થ થયેલ શ્રીબંધુઓની યાદી

(૧) સ્વ. અશોકભાઈ વિષ્ણુપ્રસાદ શુક્લ, અમદાવાદ
(૨) સ્વ. અશ્વિનકુમાર ગજેન્દ્રપ્રસાદ શુક્લ, અમદાવાદ
(૩) સ્વ. ગં.સ્વ. શકુંતલાબેન જયંતિલાલ ત્રિવેદી, ડીંગુચા
(૪) સ્વ. પ્રદીપભાઈ નિરંજનલાલ જોષી, વડોદરા
(૫) સ્વ. ભરતકુમાર બાલમુકુંદ પાઠક, અમદાવાદ
(૬) સ્વ. નરહરીપ્રસાદ હરીશંકર જોશી, વડોદરા
(૭) સ્વ. હેમલતાબેન (હર્ષાબેન) જયેન્દ્રભાઈ પુરાણી, ચાણોદ
(૮) સ્વ. મયુરભાઈ રમેશચંદ્ર શુક્લ, સુરત
(૯) સ્વ. સુમનચંદ્ર રમણલાલ પંડ્યા, કાલોલ
(૧૦) સ્વ. પરેશકુમાર ઈન્દ્રશંકર પાઠક, અમદાવાદ
(૧૧) સ્વ. રમણીકભાઈ શાંતિલાલ ભટ્ટ, ત્રંબા/ અડાલજ
(૧૨) સ્વ. નરહરિપ્રસાદ હરીશંકર જોષી
(૧૩) સ્વ. ઉષાબેન કિરીટભાઈ દવે, મીરા રોડ, મુંબઈ
(૧૪) સ્વ. વિનોદભાઈ સોમેશ્વર જોષી, ગોધરા
(૧૫) સ્વ. ગુણવંતરાય છોટાલાલ જોષી, અમદાવાદ
(૧૬) સ્વ. સુધાબેન નવનીતલાલ મહેતા, અડાલજ
(૧૭) સ્વ. ભાલચંદ્રકુમાર (ભૂપેન્દ્રકુમાર) મણીલાલ જોશી, યુએસએ
(૧૮) સ્વ. કલ્પેશ ભાનુપ્રસાદ શુક્લ, મધવાસ/ રાજકોટ
(૧૯) સ્વ. પ્રફુલ્લાબેન ચંન્દ્રવદન ભટ્ટ, વડોદરા
(૨૦) સ્વ. નવીનચંદ્ર અંબાલાલ ક્ષોત્રીય, રાયચૂર
(૨૧) સ્વ. મનોરમાબેન દિલીપભાઈ પાઠક, શહેરા/નડિયાદ
(૨૨) સ્વ. કનુપસાદ ફુલશંકર શુકલ, બાકોર
(૨૩) સ્વ. નિતિનકુમાર રણછોડલાલ ભટ્ટ, અમદાવાદ
(૨૪) સ્વ. રાજેસ્વરીબેન નંદુભાઈ પાઠક, વડોદરા
(૨૫) કેતનકુમાર ભાનુભાઈ જોષી, અમદાવાદ
(૨૬) સ્વ. અરવિંદભાઈ જશવંતભાઈ દવે, યુએસએ/ અમદાવાદ
(૨૭) સ્વ. અનસુયાબેન જયરણછોડ પંડ્યા, ડાકોર
(૨૮) સ્વ. મૌલેશભાઇ રજનીકાંત પાઠક, ગોધરા
(૨૯) સ્વ. વિનોદકુમાર હરિપ્રસાદ ભટ્ટ, અમદાવાદ
(૩૦) સ્વ. ઈન્દ્રવદન સોમેશ્વર જોષી, વડોદરા
(૩૧) સ્વ. શારદાબેન કાંતિભાઈ શુક્લ, અમદાવાદ
(૩૨) સ્વ. મહેન્દ્રભાઈ મૂળશંકર દવે

સૌરાષ્ટ્ર કચ્છ

(૧) સ્વ.હસમુખલાલ નાથાલાલ દવે, શેકવા /અમદાવાદ
(૨) સ્વ.કિશોરી બેન દિનેશભાઇ પુરોહીત, મીઠાપુર
(૩) સ્વ. ભારતીબેન ઇન્દુકુમાર ભટ્ટ, જુનાગઢ
(૪) સ્વ.ઓસમ વિપુલભાઈ જોશી, ગોંડલ
(૫) સ્વ .મંદાકિનીબેન હરેશભાઈ દવે, જુનાગઢ
(૬) સ્વ. ભરતભાઈ લાભશંકરભાઈ ભટ્ટ, સરધાર
(૭) સ્વ. સુભાષભાઈ જેન્તીલાલ ભટ્ટ, ધોરાજી
(૮) સ્વ. ભાવનાબેન સુરેશકુમાર દવે, જુનાગઢ
(૯) સ્વ. નવસુખરાય મણીશંકર પુરોહિત, જુનાગઢ
(૨૦) સ્વ. સુશીલાબેન વ્રજલાલ જોષી, રાજકોટ
(૨૧) સ્વ. રમણીકલાલ શાંતિલાલ ભટ્ટ, ત્રંબા કસ્તુરબાધામ
(૨૨) સ્વ. મધુકાંતા જનકરાઈ દવે, જુનાગઢ
(૨૩) સ્વ. ઇન્દુબેન કનકરાઈ ભટ્ટ, તાલાળા
(૨૪) સ્વ. ગિરીશભાઈ ભાઈશંકરભાઈ ભટ્ટ, ખિજડીયા (ખારી)
(૨૫) સ્વ. સુશીલાબેન વ્રજલાલભાઈ જોષી, રાજકોટ
(૨૬) સ્વ. તરૂણાબેન નારાયણપ્રસાદ ભટ્ટ, જામનગર
(૨૭) સ્વ. મુકેશભાઈ (મુનાંઅદા) કિશોરભાઈ જોષી, ખોખડદડ
(૨૮) સ્વ. અલ્કાબેન પ્રકાશકુમાર વ્યાસ, મુંબઈ(કાંદિવલી)
(૨૯) સ્વ. પ્રવીણચંદ્ર પોટલાલ પંડ્યા, વેરાવળ
(૩૦) સ્વ. ધીરજલાલ ફુલશંકર જોષી, રાજકોટ
(૩૧) સ્વ. પુષ્પાબેન વિનોદરાય પુરોહિત, ધોરાજી/ અમદાવાદ
(૩૨) સ્વ રમાગૌરી નટવરલાલ પંડ્યા, જુનાગઢ (ઝાંઝરડા)
(૩૩) સ્વ. કિરણબેન નિલેશભાઈ પંડ્યા, લીલીયા જુનાગઢ
(૩૪) સ્વ. મિનાક્ષીબેન ચંદ્રકાન્તભાઈ ભટ્ટ, જામખંભાળિયા
(૩૫) સ્વ. કમલાપ્રસાદ નૌતમલાલ ભટ્ટ, રાજકોટ
(૩૬) સ્વ. ભરતભાઈ હરિલાલ પુરોહિત, કુંઢેચ
(૩૭) સ્વ. હિમાંશુભાઈ ધનશંકર ભટ્ટ, જુનાગઢ
(૩૮) સ્વ. કાંતિલાલ પ્રાણલાલ પંડ્યા, ટીંબાવાડી જુનાગઢ
(૩૯) સ્વ. જયશ્રીબેન જગદીશભાઈ ભટ્ટ, જુનાગઢ
(૪૦) સ્વ.દક્ષાબેન ભાસ્કરભાઈ જોષી, મોરબી
(૪૧) સ્વ. કુસુમબેન અરૂણભાઈ જોષી, ગોંડલ

**સ્વર્ગસ્થ શ્રીબંધુઓને પરમાત્મા ચિર શાંતિ અર્પે એવી સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત વતી પ્રાર્થના.**

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

| | | | |
|---|---|---|---|
| **કમલેશ પાઠક** | **યોગેશ શુક્લ** | **જયંત જોષી** | **રાજેશ પંડ્યા'રાજ'** |
| **પ્રમુખ** | **મંત્રી** | **ટ્રસ્ટી** | **તંત્રી** |